---

## અમદાવાદના મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટનં.૨ માં

---

**ક્રિ.કે.નંબરઃ ૧૨૩૩/૨૦૦૭**

**આંક.૧ લગત હુકમ.**

*(૧).* રેકર્ડ વંચાણે લીધુ, રેકર્ડ ધ્યાને લેતાં ખ્યાલ આવે છે કે, તાઃ ૧૬/૧૦/૨૦૦૬ ના રોજ આ કામના ફરીયાદીશ્રી પારસભાઈ ત્રિલોકચંદનાઓએ આરોપી સામે ઈ.પી.કો. કલમ– ૩૭૯ વગેરે મુજબની કલમોની ફરીયાદ દાખલ અને સદર ફરીયાદ અનુસંધાને તપાસ કરનાર અમલદારશ્રીએ તપાસ કરી તાઃ૨૧/૪/૨૦૦૭ ના રોજ અત્રેની અદાલતમાં ચાર્જસીટ કરેલું.

*(૨).* ત્યારબાદ અવાનરનવાર આરોપી તેમજ ફરીયાદી અને સાહેદોને સમન્સ કાઢતા ફરીયાદી કે આરોપી મળી આવેલ નથી જેથી હાલનો કેસ ૧૬ વર્ષ સુધી ડોરમેન્ટ સ્થિતિમાં રહેલ છે. સબબ જયારે ફરીયાદ પક્ષ (સ્ટેટ) ફરીયાદી અને સાહેદોને તેમજ આરોપીને અત્રેની અદાલતમાં હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ છે ત્યારે હાલના આરોપી સામે તહોમત ફરમાવી શકાય તેવો પુરાવો રજૂ થયેલ નથી સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

હાલના આરોપીને ક્રી.પ્રો.કો.ની કલમ– ૨૩૯ અન્વયે બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી મળી આવતા ફરીયાદપક્ષને પોતાનો કેસ પુનઃજીવીત કરવાનો હકક રહેશે.

મુદ્દામાલ પરત્વે અગાઉ જો હુકમ કરવામાં આવેલ હોય તો કાયમ કરવામાં આવે છે, જો હુકમ કરવામાં આવેલ ન હોય તેના મૂળ માલીકનો આધાર પુરાવો મેળવી અપીલ સમય બાદ પરત કરવો.

હુકમ આજ રોજ ખુલ્લી લોક અદાલતમાં વાચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તા.૯/૯/૨૦૨૩

(પવનકુમાર એન.નવીન)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨, અમદાવાદ
જી.જે.૦૦૭૫૮